# નટરાજ સી. પી. સ્કૂલ - ફિઝીયોથેરાપી સેન્ટર










PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

1-8-1974

વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ સપ્ટેમ્બર - ૨૦૧૮, અંક નં. ૬૯/૭૩૫







હવે આપ વેબસાઇટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઇ શકો છો

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 Supt. - 2018 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 06



Mentamove Therapy (A German based Technology)



Neuro-developmental Therapy (NDT)



Gait Training on Manual Treadmill




Gait Training on Parallel bar



Activity for hand fucntion development



Assessment Camp Physiotherapy



Assessment of a beneficiary by Physiotherapist



Balance activitiy on balance board



Balance training



Balance training on square swing

પી.એન.આર. સોસાયટી દ્વારા વર્ષ ૧૯૯૪માં, દિવાળીમા મોહનલાલ મહેતા ટ્રસ્ટ-મુંબઈ દ્વારા, મગજના લકવા, મંદબુધ્ધિ, બહુવિકલાંગતા ધરાવતાં બાળકોના નિદાન, તપાસ અને સારવારની સેવાઓ સી.પી. સેન્ટર, વિદ્યાનગરમાં બે થેરાપીસ્ટ દ્વારા શરૂ કરવામાં આવી હતી. આ સારવાર માટે જરૂરી સાધનો શાર્તુલ ફાઉન્ડેશન, મુંબઈના દાતા શ્રીમતી ઈલાબેન મહેતા તથા શ્રીમતી પારૂલબેન શ્રોફ દ્વારા અર્પણ કરવામાં આવ્યાં હતાં. શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના ઉપરોકત બાળકો માટે મલ્ટી ડિસિપ્લીનરી ટીમ દ્વારા, અત્યાર સુધીમાં ૨૦૦ થી વધુ કેમ્પ કરવામાં આવ્યાં છે. તેમજ ૫૦૦૦ થી વધુ જરૂરિયાતમંદ લાભાર્થીઓને ફિઝીયો-ઓકયુપેશનલ થેરાપીનો લાભ આપવામાં આવ્યો છે.

પી.એન.આર. સોસાયટી સંચાલિત, 'નટરાજ મગજના લકવાગ્રસ્ત (સી.પી.) બાળકોની વિશિષ્ટ શિક્ષણ, સારવાર અને સાર-સંભાળની સંસ્થા', સેરેબ્રલ પાલ્સી, મસ્કયુલર ડિસ્ટ્રોફી, મલ્ટીપલ ડિસેબિલિટી, ઓટીઝમ, મંદબુધ્ધિ, મોડો વિકાસ તથા હાઈરિસ્ક ધરાવતાં નવજાત શિશુઓને ફિઝીયો-ઓકયુપેશનલ થેરાપિસ્ટની ટીમ દ્વારા સઘન તપાસ અને સારવાર આપવામાં આવે છે. અમારા ફિઝીયો-ઓકયુપેશનલ થેરાપી ડિપાર્ટમેન્ટ માટે, અદ્યતન સાધનો જેવા કે, મેટ્રિકસ થેરાપી મશીન, મેન્ટામુવ થેરાપી મશીન, અનવેઈંગ મોબિલિટી ટ્રેનર મશીન, અલ્ટ્રા સાઉન્ડ થેરાપી, ફિઝીયો બોલ, વેસ્ટિબ્યુલર સ્વીંગ્ઝ (ઝૂલા), ઈલેકટ્રોનિક સ્ટેન્ડિંગ ફ્રેમ, ઓર્થોસિસ. ગ્રીપર, થેરાબેન્ડ, ટ્રેમ્પોલીન, ઓડિયો-વિઝયુઅલ ટેકટાઈલ સેન્સરી સાધનો વિગેરે આપનાર સહયોગી દાતાશ્રીઓમાં શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈ (આઈસલેન્ડ), શ્રી વસંતભાઈ ગાંધી (મુંબઈ-યુ.એસ.એ.), શ્રી ભરતભાઈ એસ. પારેખ (મુંબઈ), શ્રી મફતભાઈ મહેતા ફિઝીયોથેરાપી મેઈન્ટેનન્સ કોર્પસ ફંડ હસ્તે. શ્રી અશ્વિનભાઈ એમ. મહેતા (મુંબઈ) વિગેરે મુખ્ય છે. ફિઝીયોથેરાપી એવી મેડિકલ સારવાર છે, જેમાં રોગ, ઈજા કે ડિફોરમીટીને, શારીરિક પધ્ધતિઓ જેવી કે ન્યુરો ડેવલપમેન્ટલ થેરાપી, ગરમ શેક અને કસરતો દ્વારા, દવા કે સર્જરી કર્યા વગર મટાડી શકાય છે. આ ઉપરાંત સહયોગી દાતાશ્રી હરીચંતભાઈ તથા ઉષાબેન વખારીયા (મુંબઈ) ના અનુદાનથી હાઈડ્રોથેરાપી સુવિધાનો લાભ મળેલ છે.

ફિઝીયો-ઓકયુપેશનલ થેરાપી રોગ કે સ્થિતિની તિવ્રતા અને શરીરના કયા અવયવો અસરગ્રસ્ત થયા છે ? તેની સ્થિતિનું શારીરિક એસેસમેન્ટ થયા બાદ, ધીરજપૂર્વક કરેલી લાંબા સમયની સારવારથી દર્દીને સ્વસ્થ થવામાં ઉત્તમ પરિણામઆપે છે. આ સારવાર આપવા માટે આપણી સંસ્થામાં શ્રેષ્ઠ તાલીમ પામેલ ફિઝીયો-ઓકયુપેશનલ થેરાપિસ્ટ છે, જે સ્કૂલના ઈ. આચાર્ય શ્રી જીજ્ઞાબેન શાહની દેખરેખ અને સલાહ અનુસાર કાર્ય કરે છે. જેમાં મુખ્ય ડૉ. અમિત મિત્રા સિનીયર-ઓકયુપેશનલ થેરાપિસ્ટ, ડૉ. સંગીતાબેન ડાભી-ઓકયુપેશનલ થેરાપિસ્ટ તથા ફિઝીયોથેરાપી વિભાગમાં ડૉ. કલ્પેશભાઈ દેસાઈ, ડૉ. લત્તાબેન ધોરી, ડૉ. નિકેતાબેન ખોલકિયા, ડૉ. નિરાલીબેન ભટ્ટ, ડૉ. ગીતાબેન કળસરિયા મુખ્ય છે.

આ સંસ્થાના તાલુકા મથકોમાં, વિકલાંગ પુનઃસ્થાપન કેન્દ્ર શિહોર અને પાલીતાણા, સ્વ. હસમુખભાઈ વીરચંદ મહેતા (માન્ચેસ્ટર) પરિવારના સહયોગથી બનેલ છે. જયારે તળાજા ખાતે એન.આર. શાહ મેમોરીયલ હોસ્પિટલમાં અને મહુવા ખાતે કેમિસ્ટ એસોસિએશનના સહયોગથી સી.પી., ઓટીઝમ, મંદબુધ્ધિ, બહુ વિકલાંગ, બાળકોના નિદાન, સારવાર અને તાલીમ માટે નિઃશૂલ્ક જગ્યા ફાળવવામાં આવી છે. જેનો સ્થાનિક અને ગ્રામ્ય વિસ્તારના દિવ્યાંગ બાળકો લાભ લઈ રહયાં છે.

શ્રી વામનભાઈ પારેખ (નીલકમલ લિમીટેડ, મુંબઈ)ના સૌજન્યથી ૨૦૧૬માં શરુ થયેલાં, 'રિચીંગ ટુ અનરીચ્ડ પ્રોજેકટ' અંતર્ગત, ઉપરોકત ચારેય સેન્ટર, સી.પી. સ્કૂલ તથા સી.પી. સેન્ટરના લાભાર્થીઓને ઓર્થોસિસ, ફિઝીયોથેરાપીને લગતાં સાધનો-પ્રોનવેજ, પોઝિશનિંગ ચેર, વ્હીલચેર, વોકર, ઓ.ટી. માટેના સાધનો, એજયુકેશનલ કીટ વિગેરે નિઃશૂલ્ક વિતરણ કરવામાં આવે છે. આ સંસ્થાએ, સ્થાનિક આનંદવાટિકા ગૃપ ઓફ હોસ્પિટલમાં ડૉ. રાજીવ ઓઝા (બાળરોગ નિષ્ણાંત) ના સહકારથી નવજાત શિશુ પરિક્ષણ (ન્યૂ બોર્ન સ્ક્રિનિંગ) નું નવતર કાર્ય હાથ ધર્યું છે. જેમાં સંસ્થાની ફિઝીયોથેરાપિસ્ટ ટીમ જઈને, નવજાત બાળકોમાં ઉપરોકત ક્ષતિઓની વહેલાસર ઓળખ માટે નિઃશૂલ્ક તપાસ કરે છે. અત્યાર સુધીમાં **૧૧૦** નવજાત શિશુ પરિક્ષણ થયા છે. જેમાંથી **૩૨** હાઈરિસ્ક કેસને પ્રથમ **૬** માસ ઘેર બેઠાં સારવાર અને ત્યારબાદ સંસ્થામાં સારવાર કાર્યક્રમમાં સામેલ કરાયા છે.

આ ફિઝીયો-ઓકયુપેશનલ થેરાપીસ્ટની નિષ્ણાંત ટીમનો લાભ, આપણી સી.પી. સ્કૂલ, સી.પી. સેન્ટર, વિદ્યાનગર, ઓટિઝમ સ્કૂલ અને પ્રોજેકટ તથા દિશા-કમ-વિકાસ પ્રોજેકટના **૧૨૯** બાળકો તથા આપણાં તળાજા, મહુવા, શિહોર અને પાલિતાણાના વિકલાંગ પુનઃસ્થાપન કેન્દ્રના કુલ **૫૨** બાળકોને શિક્ષણ, તાલીમ ઉપરાંત ફિઝીયો ઓકયુપેશનલ થેરાપી સારવારનો લાભ મળી રહયો છે. આ ઉપરાંત ફિઝીયોથેરાપી વિભાગમાં દરરોજના આઉટડોર પેશન્ટ તરીકે ૮ થી ૧૦ બાળકો સારવાર માટે આવે છે.

**જીજ્ઞા સોલંકી**
**કિરીટ રાઠોડ**


- Koshish Thi Kamyabi
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/2016-18, Monthly
- અંક નં. ૬૯/૪૩૫ : ૧૫ સપ્ટેમ્બર - ૨૦૧૮
- પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંમૂંગાઓની સંસ્થા
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૧, ૨૪૨૦૮૩૧
  ૨૪૩૧૧૬૦
  E-mail : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  Visit us : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  અનંત કે. શાહ
- સહતંત્રી
  અશ્વિન પંડયા
  કિરીટ રાઠોડ
- પ્રિન્ટિંગ
  અંબા ઑફસેટ, ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦
- ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.
- ગ્રાફિકસ એન્ડ ડિઝાઈન
  સજેશ પટેલ
- સંપાદક મંડળ
  લીલા ચૌહાણ
  વૈશાલી ચોગી
  નેહલ ત્રિવેદી
  પરિક્ષિત ભટ્ટ
  આરિફ જેઠવા
  પારસ શાહ
  ભરત કનાડા
  મનસુખ સોસઠિયા



- જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : રૂ. | ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : રૂ. | ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : રૂ. | ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : રૂ. | ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : રૂ. | ૨૫૦૦ |
| કવાટર પેજ - સિંગલ કલર | : રૂ. | ૧૫૦૦ |





Bobath's Positioning


Coordination development activity


Exercise Therapy kit distributiion Talaja Centre


Hand function activity - Occupational Therapy


Matrix Rhytmus Therapy reduction of spasticity toprevent surgery in cp child


Neck holding activity


New born Assessment


New born sreening


One leg standing


Various instruments of Neurodevelopmental Tharapy


Reflex inhibiting position


Sensory integration training - Occupational Therapy


Vestibular stimulation on Trampoline


Vestiular stimulation on Physio ball


Visit of Chairman of National Trust, RCI and CCPD at Physiotherapy Department


Abnormal position


Comfortable position on wheelchair


Addutor strceching - an important exercise


ADL Training (opening of different door latches) - Occupational Therapy


Assessment by Physiotherapy students on clinical posting

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 Supt. - 2018 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 06



Developmental positioning



Expert advise of Physio-therapist from Mumbai



Good sitting position on bolster



Hydrotherapy



Standing frame



Static cycling

**PRINTED MATTER**

If undelivered, Please return to

Shri Shah K. L. Institute for the Deaf, 51, Vidyanagar, Bhavnagar-364 002. (Gujarat)

**...... CONTACT US ......**

**PNR Society for Relief & Rehabilitation of the Disabled**

51, Vidyanagar, BHAVNAGAR &
Nataraj College Campus,
Near Sardar Patel School,
Kaliyabid, BHAVNAGAR.
(Guj.-India)

PNR HOPE 4 HANDICAPPED

Tel. (0278) 2570126 / 2470232
E-mail : info@pnrsoceity.org
Website : www.pnrsociety.org